પ્રાપ્તિ તારીખઃ ૨૧/૦૩/૨૦૨૩.
નોંધ્યા તારીખઃ ૨૧/૦૩/૨૦૨૩.
ફેંસલ તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬.
સમય – વર્ષ માસ દિવસ.

सत्यमेव जयते

## મે. માંગરોલના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.મુ.માંગરોલ

ફોજદારી કેસ નંબર : ૫૫૦/૨૦૨૩.
આંક : –

| | | |
|---|---|---|
| ફરીયાદી | | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપીઓ | ૧ | પ્રદીપ રામચંદ્ર કેવટ.<br>રહે. પ્લોટ નં. એ/૮૭, શિવ સાંઇ રેસીડન્સી, કઠોદરા, તા.ઓલપાડ, જી.સુરત. |
| | ૨ | પ્રીન્સ ધીરૂભાઇ પટેલ.<br>રહે. ઘર નં. ૮, રણછોડ નગર, મહાવીર એપાર્ટમેન્ટ, કીમ, તા.ઓલપાડ, જી.સુરત. |
| ગુન્હો | | ઇ.પી.કો.ક. ૩૭૯ તથા ૧૧૪ મુજબ. |
| ફરીયાદપક્ષ | | વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.આર. વસાવા. |
| બચાવપક્ષે | | વિધ્વાન વકીલ શ્રી એમ.આઇ. પઠાણ. |

– ઠરાવ –

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૪/૦૯/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ થી ૨૨/૩૦ દરમ્યાન મોજે મોટા બોરસરા ગામની સીમમાં શ્રી ગણેશ રોયલ હાઉસ મકાન નં. ૩૭ ફરીયાદીના ખુલ્લા પાર્કીંગ માંથી તા.માંગરોલ, જી.સુરત મુકામે ફરીયાદીની માલીકીની મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નં. GJ–19–Y–2044

કી.રૂ.૮,૬૬,૪૦૦/- એકબીજાની મદદગારી કરી બોલેરો પીકઅપ ગાડી ચોરી કરી લઇ ગયેલ અને પાછળથી પકડાય જઇ ગુનો આચરેલ, જેથી આરોપીઓ વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯ તથા ૧૧૪ હેઠળના ગુન્હા બાબતે ફરિયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) ફરીયાદીની ફરીયાદનાં આધારે કોસંબા પોલીસે ગુનો માંગરોળ પોલીસ સ્ટેશને નોંધી લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી જરૂરી પંચનામા કરી તપાસનાં અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં આરોપી નં. ૨ નાઓ મળી ન આવતા સદરહું કેસ ડોરમેન્ટ પર રાખેલ હતો. ત્યારબાદ, સદરહું કેસ જુનો હોય, હાલના કામના આરોપી નં. ૨ નાઓ મળી ન આવતા ન હોય, તેમજ આરોપી નં. ૧ નાઓ હાજર રહેતા હોય, જેથી આરોપી નં. ૨ નાઓની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કો.ક. – ૨૯૯ મુજબ પુરાવો નોંધી કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવા સારુ નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**અ. મૌખિક પુરાવો**

| | |
|---|---|
| ૧. ફરીયાદી સુનિલકુમાર હીરાલાલ સીંગની જુબાની. | આંક–૧૯ |
| ૨. પંચ સાહેદ મનોજકુમાર સનીચર ઠાકુરની જુબાની. | આંક–૩૦ |
| ૩. પંચ સાહેદ મહમદ આશીફ જમીલ સિદ્દીકીની જુબાની. | આંક–૩૨ |

**બ. દસ્તાવેજી પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | આંક–૨૦ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | આંક–૩૧ |
| ૩. | આરોપીની અટકનું પંચનામું. | આંક–૩૩ |

(૫) ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો સાક્ષી પુરાવો રજુ થયા બાદ આરોપીઓનો ક્રિ. પો. કોડની કલમ ૩૧૩ મુજબનો વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસનો ઈન્કર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સામે ખોટી ફરીયાદ કરી ખોટી ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષનાં વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામ જજમેન્ટ માટે રાખવામાં આવેલ છે.

(૬) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમાં લેતાં આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**– મુદ્દા –**

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૪/૦૯/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ થી ૨૨/૩૦ દરમ્યાન મોજે મોટા બોરસરા ગામની સીમમાં શ્રી ગણેશ રોયલ હાઉસ મકાન નં. ૩૭ ફરીયાદીના ખુલ્લા પાર્કીંગ માંથી તા.માંગરોલ, જી.સુરત મુકામે ફરીયાદીની માલીકીની મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નં. GJ–19–Y–2044 કી.રૂ.૮,૬૬,૪૦૦/– એકબીજાની મદદગારી કરી બોલેરો પીકઅપ ગાડી ચોરી કરી લઇ ગયેલ અને પાછળથી પકડાય જઇ ગુનો આચરી ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯ તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – હકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ ::

– કા ર ણો –

:: મુદ્દા નંબર : ૧ ની ચર્ચા.

(૮/૨) ફરીયાદપક્ષે આંક –૧૯ થી ફરીયાદી સુનિલકુમાર હીરાલાલ સીંગનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "મારી પાસે એક બોલેરો પીક અપ ગાડી નં.GJ–19–2044 ની હતી. આ ગાડી માટે મે ડ્રાઈવર તરીકે પ્રદીપ કેવટને રાખેલ હતો. મારી પીક અપ ગાડી નીલમ ફાઈબર, મોટા બોરસરા થી સુરત ખાતે ફેરા કરતી હતી. આ પીક અપ ગાડી મારા ડ્રાઈવર પ્રદીપ કેવટના ઘરે રહેતી હતી. સપ્ટેમ્બર ૨૦૨૨ ની સાલમાં હુ મારા વતન બીહાર ખાતે ગયેલો. તે વખતે મારી પત્ની અને મારો ભાઈ મારા બોરસરા ગામના ઘર ખાતે હતા. મારુ મીનરલ વોટરનુ પણ કામકાજ હોય મારો ભાઈ તે કામકાજ સંભાળતો હતો. હુ બીહાર ગયો ત્યારે મારા ડ્રાઈવર પ્રદીપ કેવટનાઓ રાત્રીના સમયે મારા ઘરની બહાર પીકઅપ ગાડી મુકવા લાગેલા.આ પ્રદીપ કેવટનાઓ મારા પત્નીને વારંવાર હુ કયારે આવવાનો છુ તેની પુછપરછ કરતા હતા. ગઈ તા.૨૩–૦૯–૨૦૨૨ ના રોજ સવારના સમયે મે મારા પત્નીને ફોન કરીને સાંજની ટ્રેનમાં પરત આવવાનો છુ તેવી માહીતી આપેલ. તે દિવસે આ પ્રદીપ કેવટનાઓ મારા ઘરની સામે જે જગ્યાએ ગાડી મુકતા હતા તે જગ્યાએ ગાડી મુકેલી નહી અને સોસાયટીની બહાર મેઈન રોડ ઉપર બપોરના બે વાગેના સમયે ગાડી મુકી દીધેલી. તે સમયે મારા ડ્રાઈવર પ્રદીપ કેવટે મારી પત્નીને જણાવેલ કે તે તેના મીત્રની બર્થડેમાં જવાનો હોય પીકઅપ ગાડી મારા ઘરની બહાર મેઈન રોડ ઉપર ઉભી

કરેલ છે. બનાવ સમયે અમારી સોસાયટી નવી બનતી હોય તે વખતે અમારી સોસાયટીમાં સીસીટીવી કેમેરા લાગેલા ન હતા અને મારો ડ્રાઇવર પ્રદીપ કેવટ માધવ રેસીડન્સીમાં રહેતો હતો ત્યાં સીસીટીવી કેમેરા લાગેલા હતા. હવે કહુ છુ કે મારો ડ્રાઇવર પ્રદીપ કેવટ શ્રી સાંઇ સ્વામી રેસીડન્સી, દરબાર હોટેલ પાસે રહેતો હતો જયાં તેની સોસાયટીમાં સીસીટીવી કેમેરા હતા અને મારો ડ્રાઇવર પ્રદીપ કેવટ માધવ રેસીડન્સીમાં બર્થેડિમાં ગયેલો જે માધવ રેસીડન્સી મારી સોસાયટીની બાજુમાં જ છે અને મારો ડ્રાઇવર પ્રદીપ કેવટ બર્થેડિમાં જેના ઘરે ગયેલા તેના ઘરથી મારો ઘરનો દરવાજો દેખાય છે. રાત્રીની નવેક વાગે મારા પત્નિએ મારા ડ્રાઇવરને ફોન કરીને ગાડી મુકી જવા જણાવેલુ પરંતુ મારા ડ્રાઇવરે જવાબ આપેલ કે તે બર્થડે પાર્ટીમાં હોય મોડે ગાડી મુકી જશે. ત્યારબાદ પણ મારા ડ્રાઇવર ગાડી મુકવા આવેલ નહી જેથી મારી પત્નીએ વિચારેલ કે અમુક વખતે તેના ઘરે પણ ગાડી રહેતી હોય ડ્રાઇવર તેના ઘરે ગાડી લઇ ગયો હશે તેમ વિચારીને રાત્રીના સુઇ ગયેલી. ત્યારબાદ તા.૨૪–૦૯–૨૦૨૨ ના રોજ વહેલી સવારે ત્રણ વાગે પ્રદીપ કેવટ મારા ઘરે આવી દરવાજો ખખડાવેલો અને મારી પત્ની બહાર જતા ડ્રાઇવર પ્રદીપે મારી પત્નીને કહેલ કે " ભાભી ગાડી કયા છે હુ ગાડી લેવા આવેલો છુ." તે વખતે મારી પત્નીએ કહેલ કે ગાડીની ચાવી તમારી પાસે છે જેથી ગાડી કયા છે તે તમને ખબર. ત્યારબાદ ડ્રાઇવર પ્રદીપે મને ફોન કરેલો અને મારી પત્નીને વાત કરવા માટે ફોન આપેલો અને કહેલુ કે ગાડી ચોરાય ગયેલી છે તેવુ કહેલુ. તે વખતે પીકઅપ ગાડીની ચાવી ડ્રાઇવર પ્રદીપ પાસે હતી તે ચાવી તેમજ મારી એકટીવા લઇને પીકઅપ ગાડી શોધવા માટે ગયેલા. તે વખતે ડ્રાઇવર પ્રદીપ સાથે બીજો એક છોકરો હતો. ત્યારબાદ સવારના નવેક વાગે ડ્રાઇવર પ્રદીપ મારી એકટીવા લઇને આવેલો અને પીકઅપ ગાડીની ચાવી મારી પત્નીને આપીને જણાવેલ કે પીકઅપ ગાડી મળી આવેલ નથી, લાગે છે કે પીકઅપ ગાડી ભંગારમાં કાપી નાખેલ છે. ત્યારબાદ સાંજના સમયે હુ ટ્રેન માંથી સુરત પહોચેલો અને ત્યાથી ઘરે પરત આવેલો અને તે વખતે ડ્રાઇવર પ્રદીપને શોધતા તે મળી આવેલ નહી.જેથી હુ એક અરજી લખી પોલીસ સ્ટેશન ગયેલો. પરંતુ પોલીસે મારી અરજી સ્વીકારેલી નહી. હુ બે બે દિવસે પોલીસ સ્ટેશને જતો હતો પરંતુ પોલીસે કાર્યવાહી ન કરતા મે સુરત એસપી

ઓફીસમાં ગયેલો અને ત્યા પણ બે વાર અરજી આપેલી. જે અરજી પોલીસ સ્ટેશનમાં આવેલી તેમછતા પોલીસે એફઆઇઆર નોધેલ નહી. ત્યારબાદ હુ નામદાર કોર્ટમાં ફરીયાદ કરવા આવેલો તે વખતે મારી ફરીયાદ નોધતા પહેલા જજ સાહેબે કોસંબા પોલીસ સ્ટેશનના પોલીસને બોલાવેલ અને મૈખીક સુચના આપેલી જેથી તે દિવસે રાત્રીના સમેય મારી એફઆઇઆર નોધવામાં આવેલી. મને એક એફઅઆઇઆર બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ . એફઆઇાર રજુ દાખલ આંક :–૨૦."

સદરહું ફરીયાદીની આરોપીઓ તર્ફે  ઉલટ તપાસ કરવામાં  આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તેઓ મુળ બીહારનો રહેવાસી છે. તેઓ બી.એસ.સી.સુધી હીન્દી માધ્યમમાં ભણેલો. તેઓ છેલ્લા છ વર્ષથી ગુજરાતમાં રહે છે. એ વાત ખરી છે કે તેઓ ગુજરાતી વાંચી શકતો નથી અને ગુજરાતી ભાષા સમજી શકતો પણ નથી. બનાવ તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ બનેલો. એ વાત ખરી છે કે બનાવ તા ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ ની વચ્ચેની રાત્રીએ બનેલો. એ વાત ખરી છે કે બનાવ સમયે તેઓ ટ્રેનમાં હતા. જેથી તેમને બનાવની જાત માહીતી નથી. તેઓ ૨૪ સપ્ટેમ્બરે ૨૦૨૨ ના રોજ સાંજના આશરે સાડા ચાર વાગે સુરત પહોચેલો. સુરત થી રીક્ષામાં બેસી તેમના ઘરે સાંજના આશરે સાડા પાંચેક વાગે આવેલો. તેમની એફઆઇઆર ક્યારે નોધવામા આવેલી તેની ચોકકસ તારીખ તેમને હાલ યાદ નથી પરંતુ આશરે ચાલીસેક દિવસ બાદ એફઆઇઆર નોધવામા આવેલી. એ વાત ખરી છે કે તેમની ફરીયાદમાં ફરીયાદ મોડી કરવાનું કોઇ કારણ દર્શાવેલુ નથી. એ વાત બનાવના ચાલીસેક દિવસ બાદ નોધાયેલી. એ વાત ખરી છે કે ફરીયાદ તેમની પીકઅપ ગાડી નિલમ ફાઇબર મોટા બોરસરા થી સુરત ખાતે ફેરા કરતી હતી તેવી હકીકત તેમની ફરીયાદમાં લખાવેલી નથી અને તેમને ગુજરાતી વાંચતા આવડતુ નથી જેથી તેમની ફરીયાદમાં શુ લખેલુ હતું તેની તેમને ખબર નથી, ફરીયાદમાં તેઓએ માત્ર સહી કરેલી. એ વાત ખરી નથી કે પીકઅપ ગાડી ડ્રાઇવર પ્રદીપ કેવટ પાસે રહેતી હતી તેવી હકીકત ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે તેમનો ભાઇ મીનરલ વોટરનો વ્યવસાય કરતો હોવાની હકીકત તેમની ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત

ખરી છે કે "હુ બીહાર ગયો ત્યારે મારા ડ્રાઈવર પ્રદીપ કેવટનાઓ રાત્રીના સમયે મારા ઘરની બહાર પીકઅપ ગાડી મુકવા લાગેલા.આ પ્રદીપ કેવટનાઓ મારા પત્નીને વારંવાર હુ કયારે આવવાનો છુ તેની પુછપરછ કરતા હતા. ગઈ તા.૨૩-૦૯-૨૦૨૨ ના રોજ સવારના સમયે મે મારા પત્નીને ફોન કરીને સાંજની ટ્રેનમાં પરત આવવાનો છુ તેવી માહીતી આપેલ." તે દિવસે આ પ્રદીપ કેવટનાઓ તેમના ઘરની સામે જે જગ્યાએ ગાડી મુકતા હતા તે જગ્યાએ ગાડી મુકેલી નહી અને સોસાયટીની બહાર મેઈન રોડ ઉપર બપોરના બે વાગેના સમયે ગાડી મુકી દીધેલી. તે સમયે તેમના ડ્રાઈવર પ્રદીપ કેવટે તેમની પત્નીને જણાવેલ કે તે તેના મીત્રની બર્થેડેમાં જવાનો હોય પીકઅપ ગાડી મારા ઘરની બહાર મેઈન રોડ ઉપર ઉભી કરેલ છે. બનાવ સમયે તેમની સોસાયટી નવી બનતી હોય તે વખતે તેમની સોસાયટીમાં સીસીટીવી કેમેરા લાગેલા ન હતા અને તેમનો ડ્રાઈવર પ્રદીપ કેવટ માધવ રેસીડન્સીમાં રહેતો હતો ત્યાં સીસીટીવી કેમેરા લાગેલા હતા. હવે કહે છે કે તેમનો ડ્રાઈવર પ્રદીપ કેવટ શ્રી સાંઇ સ્વામી રેસીડન્સી, દરબાર હોટેલ પાસે રહેતો હતો જયાં તેની સોસાયટીમાં સીસીટીવી કેમેરા હતા અને તેમનો ડ્રાઈવર પ્રદીપ કેવટ માધવ રેસીડન્સીમાં બર્થેડેમાં ગયેલો જે માધવ રેસીડન્સી તેમની સોસાયટીની બાજુમાં જ છે અને તેમનો ડ્રાઈવર પ્રદીપ કેવટ બર્થેડેમાં જેના ઘરે ગયેલા તેના ઘરથી તેમના ઘરનો દરવાજો દેખાય છે." ની હકીકત તેમની ફરીયાદમાં લખાવેલી નથી.( સાહેદને ગુજરાતી વાંચતા આવડતુ ન હોય વિ.એ.પી.પી.શ્રીની મદદથી જવાબ આપેલ છે.) સાહદે સ્વેચ્છાએ જણાવે છે મેં આજરોજ જે હકીકતો લખાવેલી છે તે તમામ હકીકતો પોલીસને જણાવેલી હતી. એ વાત ખરી નથી કે "રાત્રીની નવેક વાગે મારા પત્નિએ મારા ડ્રાઈવરને ફોન કરીને ગાડી મુકી જવા જણાવેલુ પરંતુ મારા ડ્રાઈવરે જવાબ આપેલ કે તે બર્થડે પાર્ટીમાં હોય મોડે ગાડી મુકી જશે." ત્યારબાદ પણ તેમના ડ્રાઈવર ગાડી મુકવા આવેલ નહી જેથી તેમની પત્નીએ વિચારેલ કે અમુક વખતે તેના ઘરે પણ ગાડી રહેતી હોય ડ્રાઈવર તેના ઘરે ગાડી લઈ ગયો હશે તેમ વિચારીને રાત્રીના સુઇ ગયેલી. ત્યારબાદ તા.૨૪-૦૯-૨૦૨૨ ના રોજ વહેલી સવારે ત્રણ વાગે પ્રદીપ કેવટ તેમના ઘરે આવી દરવાજો ખખડાવેલો અને તેમની પત્ની બહાર જતા ડ્રાઈવર પ્રદીપે તેમની પત્નીને કહેલ કે " ભાભી ગાડી કયા

છે હુ ગાડી લેવા આવેલો છુ." તે વખતે તેમની પત્નીએ કહેલ કે ગાડીની ચાવી તેમની પાસે છે જેથી ગાડી કયા છે તે તમને ખબર. ત્યારબાદ ડ્રાઇવર પ્રદીપે મને ફોન કરેલો અને તેમની પત્નીને વાત કરવા માટે ફોન આપેલો અને કહેલુ કે ગાડી ચોરાય ગયેલી છે તેવુ કહેલુ. તે વખતે પીકઅપ ગાડીની ચાવી ડ્રાઇવર પ્રદીપ પાસે હતી તે ચાવી તેમજ તેમની એકટીવા લઇને પીકઅપ ગાડી શોધવા માટે ગયેલા. તે વખતે ડ્રાઇવર પ્રદીપ સાથે બીજો એક છોકરો હતો. " ની હકીકત મારી ફરીયાદમાં લખાવેલી નથી. ( સાહેદને ગુજરાતી વાંચતા આવડતુ ન હોય વિ.એ.પી.પી.શ્રીની મદદથી જવાબ આપેલ છે.) એ વાત ખરી છે કે " ત્યારબાદ સવારના નવેક વાગે ડ્રાઇવર પ્રદીપ મારી એકટીવા લઇને આવેલો " ની હકીકત તેમની ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે "પીકઅપ ગાડી ભંગારમાં કાપી નાખેલ છે." ની હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે પીકઅપ ગાડીના ચોરીના બનાવની અરજી પોલીસ સ્ટેશને તથા એસપી ઓફીસ સુરત ગ્રામ્યમાં આપેલ હોવાની તમામ હકીકત તેમની ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે પીકઅપ ગાડીની ચાવી તેમના ડ્રાઇવર પાસે રહેતી હોય ખોટી શંકા કરી ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે શંકાના આધારે ખોટી જુબાની આપુ છુ.

(૮/૨) ફરીયાદપક્ષે આંક –૩૦ થી પંચ સાહેદ મનોજકુમાર સનીચર ઠાકુરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, સદરહું પંચ સાહેદે આંક–૩૧ થી ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદરહું પંચ સાહેદોએ આંક–૩૧ વાળા પંચનામામાં ફકત તેઓની સહી ઓળખી બતાવેલ છે. જેથી, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન નહિ આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓ પોલીસ સાથે કોઇ જગ્યાએ

ગયેલ નથી અને પોલીસે તેમની રૂબરૂ ફકત નામઠામ પુછેલું તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલી નથી.

(૮/૩) ફરીયાદપક્ષે આંક –૩૨ થી પંચ સાહેદ મહમદ આશીફ જમીલ સિદ્દીકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, સદરહું પંચ સાહેદો આંક–૩૩ થી આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ છે. સદરહું પંચ સાહેદોએ આંક–૩૩ વાળા પંચનામામાં ફકત તેઓની સહી ઓળખી બતાવેલ છે. જેથી, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન નહિ આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહું સાહેદની આરોપીઓ તર્ફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તેમની હાજરીમાં કોઇ આરોપીની ધરપકડ કરેલ હોય તેવુ બનેલ નથી અને પોલીસે ફક્ત તેમનું નામઠામ પુછેલુ તે સીવાય બીજી કોઇ પુછપરછ કરેલ નથી.

(૯) ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરવાનો હોય છે. ત્યારબાદ, ફરીયાદપક્ષે હાલના કામના આંક–૧૯ થી ફરીયાદીનો પુરાવો નોંધેલ છે. સદરહું ફરીયાદી બનાવ સમયે પોતાના વતન બિહાર ગયેલ હતા. જેથી, ફરીયાદી બનાવ સમયે હતા નહિ. તેમજ સદરહું ચોરીની ઘટનાની હકીકત તેઓને તેમની પત્ની ધ્વારા જાણવા મળેલ, જેથી, તેઓએ હાલના કામની ફરીયાદ આપેલાનું જણાવેલ છે. આમ, સદરહું ફરીયાદીના પુરાવાથી હાલના કામના આરોપીએ ફરીયાદીની પીકઅપ ગાડી ચોરેલ હોય, તેવા આક્ષેપો પુરવાર થતા નથી. ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૩૦ થી પંચ સાહેદ મનોજભાઇ ઠાકુરને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદ હાલના કામના આંક–૩૧ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ તેમના પુરાવામાં સદરહું પંચનામામાં ફકત પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે, તે સિવાય સદરહું પંચનામાઓની મહત્વની

અન્ય કોઇ હકીકતોને તેઓએ સમર્થન આપેલ નથી. જેથી, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી. તેઓની આરોપી તર્ફે કોઇ ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીાકર કરેલ છે કે, પોલીસ સાથે તેઓ કોઇ જગ્યાએ ગયેલા નથી અને પોલીસે તેમની રૂબરૂ ફકત નામઠામ પુછેલ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલ નથી.

ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૩૨ થી પંચ સાહેદ મહમહ આશીફ જમીલ સીદીકીને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદ હાલના કામના આંક–૩૩ ના આરોપીની શરીર સ્થિતીના  પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ તેમના પુરાવામાં સદરહું પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય સદરહું પંચનામાઓની મહત્વની અન્ય કોઇ હકીકતોને તેઓએ સમર્થન આપેલ નથી. જેથી, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી. તેઓની આરોપી તર્ફે કોઇ ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીાકર કરેલ છે કે, પોલીસે તેમની હાજરીમાં કોઇ આરોપીની ઘરપકડ કરેલ હોય તેવું બનેલ નથી અને પોલીસે ફકત તેમનું નામઠામ પુછેલુ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલ નથી.  આમ, ફરીયાદપક્ષે જે આંક–૩૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૩૩ થી આરોપીના શરીર સ્થિતીના પંચનામાની કોઇ હકીકતો સદરહું સાહેદો ફરી જવાના કારણે પુરવાર થઇ શકેલ નથી. જેથી, ફરીયાદપક્ષે જે આરોપીઓ સામે પુરાવાઓ રજુ કરેલા છે. તે પુરાવાઓ ઉપરથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેના કોઇ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ– ૩૭૯  તથા ૧૧૪ અન્વયેનું તહોમત નિશંકપણે પુરપાર

કરી શકેલ નથી, જેથી, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

::– **હુકમ** ::–

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮ (૧) અન્વયે ઇ.પી.કો.ક. ૩૭૯ તથા ૧૧૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયની મુદતનાં રૂા.૧૫,૦૦૦ /– ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ– ૧૫ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(જે.એસ. પરમાર)**
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,**
**માંગરોલ, જી.સુરત.**
(**Judge Code: GJ01155**)